ગાંધીનગર સમાચાર
તા. ૭-૧૧-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### ઝારખંડ અને જમ્મુકાશ્મીરમાં મોદીવેવ

હરિયાણા અને મહારાષ્ટ્રમાં વિજયધ્વજ ફરકાવ્યા પછી ભારતીય જનતા પાર્ટી હવે ઝારખંડ અને જમ્મુકાશ્મીર પર ધ્યાન કેન્દ્રીત કરી રહી છે. પાર્ટી પાસે મોદીના નામનો હુકમનો એક્કો છે, જે હાલ પૂરતો કયાંક પણ ફેંકો તો પરિણામ લાવી શકે એમ છે. પાર્ટીએ ઝારખંડમાં અગાઉ સત્તાનો સ્વાદ ચાખ્યો હોઇ આ આદિવાસી રાજય કબલે કરવામાં એને ખાસ વાંધો પણ આવે એમ લાગતું નથી. બિહારની કેટલીય બેઠકોની પેટાચૂંટણીમાં રાષ્ટ્રીય જનતા દળ અને જનતા દળ (યુ)ના સત્તાલક્ષી ગઠબંધનને કારણે ભાજપ ધાર્યા નિશાન પાડી શક્યું નહોતું તે બાબત પર પાર્ટીના વિચક્ષણ બુદ્ધિમતા ધરાવતા પ્રમુખ અમિત શાહ વિશેષ ધ્યાન આપી રહ્યા હોય તે સમજી શકાય એમ છે. આથી હરિયાણા અને મહારાષ્ટ્રમાં એકલા હાથે ચૂંટણી લઇ લેવાની હિંમત દાખવનાર સત્તાધારી પાર્ટીએ ઝારખંડમાં ઓલ ઝારખંડ સ્ટુડન્ટ્સ યુનિયન નામના વિદ્યાર્થીઓના પક્ષ સાથે ગઠબંધન કરી ચૂંટણી મેદાનમાં ઊતરવાનો નિર્ણય કર્યો છે. આ પક્ષ અગાઉ પણ ભાજપ સરકારમાં સામેલ હતો પરંતુ ચૂંટણી પૂર્વે પહેલી જ વાર એની સાથે ભાજપ ગઠબંધન કરી રહેલ છે. ઝારખંડમાં પણ ભાજપની હવા એટલી પ્રબળ છે કે કોંગ્રેસના ચાલુ ધારાસભ્ય અનંત પ્રતાપ દેવ પાર્ટીની ટિકીટ જાહેર થઇ ગયા પછી ચોવીસ કલાક કરતાં પણ ઓછાં સમયમાં ભાજપમાં જોડાઇ ગયા છે. એમણે પક્ષ પલટાનું સીધુંસાદું કારણ આપતાં નિવેદન કર્યું છે કે એમના મતવિસ્તારની પ્રજા એમના સમર્થકોની ઇચ્છાને માન આપીને તેઓ ભાજપમાં જોડાયા છે. કોંગ્રેસ માટે માઠા દિવસો ચાલી રહ્યા છે. તો સામે પ્રાદેશિક પાર્ટીઓની પણ પનોતી બેઠેલી છે. હરિયાણા અને મહારાષ્ટ્રમાં એક સમયની 'દબંગ' પ્રાદેશિક પાર્ટીઓ સાવ જ હાંસિયે ધકેલાઇ ગઇ છે. પ્રજાને મૂડ કેન્દ્ર અને રાજયોમાં એક સરખું શાસન સ્થાપવાનો હોય ત્યારે એ ભલભળા ચમરબંધીઓને પણ હેસિયત મુજબ વેતરી નાખતાં વાર નથી કરતી. જમ્મુ કાશ્મીરમાં 'મિશન-૪૪'નો લક્ષ્યાંક ભાજપ પાર કરી શકે એમ હોવાનું ખુદ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા માની રહ્યા છે! ભાજપનો વિજયરથ પૂરી તાકાતથી આગેકૂચ કરી રહ્યો છે પણ બીજી તરફ ભાજપ એકાધિકારવાદી પાર્ટીનું સ્વરૂપ ધારણ કરી રહેલ છે, એની પણ નોંધ લેવી જ રહી. મોદીના નામે ભાજપના નિશાળવાળા પથરા પણ તરી રહ્યા છે, ત્યારે એક સમયના ખેરખાં ચૂપ થઇને પાર્ટીમાં થઇ રહેલું મોદીકરણ નિહાળી રહ્યા છે. હવે બાજી એમના હાથમાંથી પૂર્ણપણે સરકી ચૂકી છે.

# જેઈઈ મેઈનની પરીક્ષા માટે આજથી ઓનલાઈન નોંધણી

## ડિગ્રી એન્જિનિયરિંગ, આર્કિટેક તથા પ્લાનિંગ ઈજનેરીના પ્રવેશ માટે પરીક્ષા લેવાય છે : ૧૮ ડિસેમ્બર સુધી નોંધણી

અમદાવાદ, તા.૦૬

ડિગ્રી એન્જીનીયરીંગ ઉપરાંત આર્કિટેક અને પ્લાનીંગ ઈજનેરીમાં પ્રવેશ માટે લેવાતી જેઈઈ એટલે કે જોઈન્ટ એન્ટ્રન્સ એકઝામ ફોર એન્જીનીયરીંગની મેઈન પરીક્ષા આગામી તા. ૪ એપ્રિલે લેવામાં આવનાર છે. આ પરીક્ષામાં ભાગ લેવા માટે આવતીકાલથી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકાશે. વિદ્યાર્થીઓ પોતાનું રજીસ્ટ્રેશન ૧૮મી ડિસેમ્બર સુધી કરાવી શકશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ એન્જીનીયરીંગ કોલેજોમાં પ્રવેશ માટે જેઈઈ ફરજિયાત કરવામાં આવી છે. જેઈઈ મેઈનની પરીક્ષા સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા લેવામાં આવે છે. બોર્ડ દ્વારા આગામી વર્ષે આ પરીક્ષા ક્યારે લેવામાં આવશે તેની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. જે પ્રમાણે આગામી ૪ થી ૧૫ એપ્રિલ સુધી જેઈઈ મેઈનની એક્ઝામ લેવામાં આવશે.

જેમાં ૪ એપ્રિલે ઓફલાઈન પરીક્ષા લેવામાં આવશે. જે વિદ્યાર્થીઓ ઓફલાઈન પરીક્ષા આપવા ઈચ્છતા હોય તેઓએ આ દિવસે પરીક્ષા આપવાની રહેશે. ત્યારબાદ ૧૦ અને ૧૧મી એપ્રિલે ઓનલાઈન એક્ઝામ લેવામાં આવશે. આ માટે આવતીકાલે એટલે કે તા. ૭મી નવેમ્બરથી ૧૮મી ડિસેમ્બર સુધી વિદ્યાર્થીઓ પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકશે. જેઈઈ મેઈનમાં દર વર્ષે ૧૦ થી ૧૨ લાખ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેતા હોય છે. જેમાંથી પ્રથમ દોઢ લાખમાં આવતા વિદ્યાર્થીઓ જેઈઈ-એડવાન્સ માટે લાયક બનતા હોય છે.

ચાલુ વર્ષે જેઈઈ મેઈનની પરીક્ષાની જાહેરાત થાય તે પહેલા જેઈઈ એડવાન્સ માટેની તારીખ જાહેર કરી દેવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે જેઈઈ મેઈનમાં કુલ બે પેપર લેવામાં આવે છે. ડિગ્રી એન્જીનીયરીંગમાં પ્રવેશ માટે પેપર ૧ અને આર્કિટેક અને પ્લાનીંગમાં પ્રવેશ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓ પેપર-૨ની પરીક્ષા આપવાની હોય છે.

## હરિની દૃષ્ટિ...




ઓન લાઇન ઝાડુ-સાબુ, બ્રશ મંગાવી લીધું હવે...
કામવાળી મળી જાય એટલે તારું કામ સોલ્વ...!!

# આઈસીએઆઈ દ્વારા સીએ ફાઈનલ પરીક્ષા આજથી શરૂ

## પરીક્ષા માટેનું ૧૦-૧૪ જાન્યુઆરી સુધી જાહેર કરી દેવાશે

અમદાવાદ, તા.૦૬

ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટડ એખઆઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) દ્વારા સીએ ફાઈનલની પરીક્ષા આવતીકાલથી લેવામાં આવનાર છે, જયારે આઈપીસીસી (ઈન્ટિગ્રેટેડ પ્રોફેશનલ કોમ્પિટન્સી કોર્સ)ની પરીક્ષાનો આઠમી નવેમ્બરથી લેવામાં આવશે, આ પરીક્ષાનું પરિણામ ૧૦મીથી ૧૪મી જાન્યુઆરી દરમ્યાન જાહેર થશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા ચલાવવામાં આવતો ચાર્ટડ એકાઉન્ટન્ટડના અભ્યાસક્રમને વિદ્યાર્થીઓની કારકિર્દીની દ્રષ્ટિએ ખૂ મહત્વપૂર્ણ માનવામાં આવશે. તેમાંય ખાસ કરીને આઈસીએઆઈ દ્વારા લેવામાં આવતી સીએ ફાઈનલની પરીક્ષા પાસ કરવી દરેક વિદ્યાર્થી માટે એક પડકાર રૂપ હોય છે. આ ઉપરાંત ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ડટ એખઆઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા દર વર્ષે ઈન્ટિગ્રેટેડ પ્રોફેશનલ કોમ્પિટન્સી કોર્સની પરીક્ષા લેવામાં આવે છે ત્યારે ચાલુ વર્ષે સીએ ફાઈનલની પરીક્ષા આવતીકાલથી પ્રારંભ થઈ રહ્યો છે. આ પરીક્ષા ૨૧મી નવેમ્બર સુધી ચાલશે. જેમાં આશરે ૨૦૦૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે, જ્યારે સીએ આઈપીસીસીની પરીક્ષા આઠમી નવેમ્બરથી ૨૦મી નવેમ્બર દરમ્યાન થશે. જેમાં આશરે ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ બેસશે. બંને પરીક્ષાનું પરિણામ ૧૦મીથી ૧૪મી જાન્યુઆરી દરમિયાન જાહેર કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે સીએ ફાઈનલ બે ગ્રુપમાં આઠ પેપરની તેમજ આઈપીસીસીમાં કુલ બે ગ્રુપમાં સાત પેપરની પરીક્ષા રાખવામાં આવી છે.



### હર્બલ ગાર્ડન બનાવવામાં આવ્યું

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના એમ.એસ.સી.ના વિદ્યાર્થીઓ દ્વારા 'હર્બલ ગાર્ડન' વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. 'હર્બલ ગાર્ડન' વૃક્ષારોપણમાં પ્રો. આશાબેન પટેલ અને કેમ્પસ ડાયરેક્ટરે પોતાનો સહયોગ આપીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. તેમજ હરિયાળુ ગાંધીનગર અનુસંધાનમાં અને દવા તરીકે વપરાતા છોડ જેવા કે નગોડ, અરડૂસી, ભૂંગરાજ, બ્રહ્મી જેવા છોડ રોપવામાં આવ્યા હતા.

# ધો-૯ થી સ્નાતક સુધી ક્રેડિટ ઈક્વિવેલેન્ટ સિસ્ટમ આવશે

## કોઇ મજબૂરીમાં એકવખત અભ્યાસ છોડી દીધો હોય તો તેવી વ્યક્તિ માટે ફરીવાર અભ્યાસનો માર્ગ મોકળો થશે

અમદાવાદ, તા.૦૬

કોઈ મજબુરીમાં એકવાર અભ્યાસ છોડી દીધો હોય તો તેવી વ્યક્તિઓ માટે ફરી વખત ત્યાંથી જ અભ્યાસ કરવો હવે સરળ બનશે. વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં નવમાં ધોરણથી સ્નાતક સુધીના અભ્યાસમાં ક્રેડિટ ઈક્વિવેલન્ટ ટ્રાન્સફર સિસ્ટમ શરૂ થઈ રહી છે. આગામી સપ્તાહે મંગળવારથી શરૂ કરવામાં આવનાર આ પદ્ધતિ આગળ જતાં પીએચડી સ્તર સુધી લાગુ કરવામાં આવશે.

ઘણા બધા વિદ્યાર્થીઓને આર્થિક, સામાજિક કે અન્ય કોઈ કારણસર પોતાનો અભ્યાસ અપૂરો છોડવો પડતો હોય છે. આવા વિદ્યાર્થીઓ માટે ફરી અભ્યાસ કરવો ખૂબ જ મુશ્કેલ છે. કારણ કે તેમણે ફરી અભ્યાસ શરૂ કરવા માટે કાયદાકી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે ત્યારે આવા વ્યક્તિઓની મુશ્કેલીઓ દુર થાય તે માટે સરકાર આવતા સપ્તાહે મંગળવારથી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે ક્રેડિટ ઈક્વિવેલન્ટ ટ્રાન્સફર સિસ્ટમની વ્યવસ્થા શરૂ કરી રહી છે. અમેરિકા અને યુરોપના દેશોમાં આવી વ્યવસ્થા લાંબા સમયથી પ્રચલિત છે. ભારતમાં પ્રાથમિક તબક્કે આ ક્રેડિટ ઈક્વિવેલન્ટ ટ્રાન્સફર સિસ્ટમ ધોરણ-૯ થી સ્નાતક સુધીના અભ્યાસક્રમમાં લાગુ પડશે.


જો કે તેને આગળ જતાં પીએચડી સ્તર સુધીના અભ્યાસક્રમમાં લાગુ કરવામાં આવશે. આ ઉપરાંત દેશમાં દરેક યુનિવર્સિટીને પોતાને ત્યાં પ્લેસમેન્ટ સેલ શરૂ કરવાનું કહેવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે વર્તમાન કેન્દ્ર સરકારના માનવસંસાધન મંત્રાલય દ્વારા દેશમાં શિક્ષણ પદ્ધતિમાં જડમુળથી પરિવર્તન કરવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે.

### સુરેન્દ્રનગર જિલ્લા મિત્ર મંડળનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૬

સુરેન્દ્રનગર જિલ્લા મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા સ્નેહમિલન સમારોહ અને વિદ્યા પુરસ્કાર સમારંભ યોજવામાં આવશે.

સેકટર-૨૩ કડી કેમ્પસમાં આવેલ ખિમજી વિસરામ હોલમાં તા. ૯ નવેમ્બરના રોજ બપોરે ૨.૩૦ વાગે સન્માન સમારોહ યોજાશે. સમારોહમાં ગુજરાત રાજયના મંત્રી જયંતિભાઈ કવાડિયા, માજી મંત્રી આઈ.કે.જાડેજા, ધારાસભ્ય વર્ષાબેન દોશી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. સંમેલનમાં જિલ્લા મિત્ર મંડળના સભ્યોને સહકુટુંબ પધારવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



ઘ-૪ સર્કલ પાસે મહાત્મા મંદિર તરફ જવાના રોડ ઉપર આજે બપોરના સમયે મારૂતિ વાન અને વર્ના વચ્ચે અકસ્માત થયો હતો. બંને કારને થોડું નુકશાન થવા પામ્યું હતું. સદનશીબે કોઈને ઈજા થવા પામી ન હતી.

**રક્તદાન – મહાદાન**

### વણકર સમાજનો તૃતીય પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર વણકર મહિલા ઉત્કર્ષ સેવા સમાજ દ્વારા સમાજના લગ્નોત્સુક યુવક-યુવતિઓ માટે જીવનસાથી પરિચય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

વણકર મહિલા ઉત્કર્ષ સમાજ દ્વારા આગામી ડિસેમ્બર મહિનાના તૃતીય જીવનસાથી પસંદગી સંમેલન યોજવામાં આવનાર છે ત્યારે સંમેલનમાં જોડાવા ઈચ્છુક લગ્નોત્સુક યુવક-યુવતિઓને પ્લોટ નં. ૨૨૮/૨, સેકટર-૫-એ ખાતેથી તેમજ સંસ્થાના પ્રતિનિધિઓ પાસેથી ફોર્મ મેળવી સમયસર પરત મોકલી આપવા પ્રમુખ અને મંત્રીએ જણાવ્યું છે.

### મોચી સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેર મોચી સમાજનો સ્નેહમિલન સમારોહ અને તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજવામાં આવશે. આગામી તા. ૯ નવેમ્બર, રવિવાર સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સેક્ટર-૨૩ સંકુલ સ્થિત બ્રહ્માણી હોલમાં યોજવામાં આવશે. સમારોહમાં મોચી સમાજના સર્વે જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# આપણી જિંદગીનો વિરોધાભાસ

**ચિંતનસભા**
*આઇ. કે. વીજળીવાળા*

● આપણી પાસે મકાનો ઊંચા છે, પણ વિચારો નીચા છે.

● વાહનો માટે રસ્તાઓ પહોળા છે, પણ દિલની ગલીઓ સાંકળી બની ગઇ છે.

● પૈસા ખૂબ જ ખર્ચીએ છીએ, પણ શું જોઇએ છે એની ખબર જ નથી. ખરીદી ઢગલો થાય છે, પણ મજા ઓછી આવે છે.

● ઘરો વિશાળ થઇ ગયા છે, પણ કુટુંબ નાનું થઇ ગયું છે.

● પહેલાં કરતાં સુખસગવડો ખરેખર વધી છે, પણ એ માણસ માટેનો સમય ખૂબ ઘટી ગયો છે.

● ભણતર વધ્યું છે, પણ ગણતર ઘટ્યું છે.

● જ્ઞાનનો વિપુલ ભંડાર ઊભો થયો છે પણ નિર્ણાયક શક્તિ ઘટી ગઇ છે.

● દરેક ક્ષેત્રમાં નિષ્ણાતો વધ્યા છે તો સામે પ્રશ્નો પણ એટલા જ વધ્યા છે.

● દવાઓ અને સારવાર વધ્યા છે તો માંદગી પણ વધી છે.

● પીએ છીએ ઘણું બધું, પણ પાણી સિવાય!

● ફેફસામાં ધુમાડો ભરીએ છીએ, એ સિગારેટનો હોય કે પછી પ્રદૂષણનો, પણ શુદ્ધ હવા માટે જરાય પ્રયત્ન કરતા નથી.

● ખર્ચો ધૂમ કરી શકીએ છીએ, પણ જરૂરિયાતવાળા માણસોને આપવા માટે આપણી પાસે પૈસા જ નથી!

● લાખો રૂપિયાનું તાણ ભોગવીએ છીએ, પણ જેની કંઇ કિંમત નથી એવું હાસ્ય નથી રેલાવી શકતા.

● ભયંકર ઝડપે વાહન દોડાવીએ છીએ (ભટકાડીએ પણ છીએ!) પણ ધીમે ધીમે વાહન ચલાવીને કુદરતે રસ્તાઓની બંને તરફ પાથરેલાં સૌંદર્યને માણી શકતા નથી.

● વાતવાતમાં મગજ ગુમાવી દઇએ છીએ, પણ ધીરજથી બે ઊંડા શ્વાસ નથી લઇ શકતા.

● રાત્રે મોડા સૂઇએ છીએ, થાકેલા ઊઠીએ છીએ, હદ બહાર ટેલિવિઝન જોઇએ છીએ. પણ મિત્રો કે સગાં-વહાલાં સાથે બેસીને આનંદ-વિનોદની ક્ષણો પસાર નથી કરી શકતા.

● આપણી પાસેની વસ્તુઓ વધારી છે, પણ આપણી પોતાની કિંમત ઘટાડી છે.

● બોલીએ છીએ ખૂબ જ, પણ ધીરજથી બીજાને સાંભળવાની શક્તિ ખોઇ બેઠા છીએ.

● સાચા દિલથી પ્રેમ કરવાનું આપણે ભાગ્યે જ શીખીએ છીએ, પણ આપણા અસ્તિત્વના અણુઅણુને નફરતનાં ઝુંડનાં ઝુંડ ઉગાડી દીધા છે.

● સત્યનો પ્રયોગ કયારેક જ કરીએ છીએ, પણ જૂઠના આધારે જિંદગી ચલાવતાં આપણે બરાબર શીખી લીધું છે.

● જીવનનિર્વાહ કરવાનું તો આપણને આવડી ગયું છે પણ જીવનને કેમ જીવવું તે નથી આવડતું.

● જિંદગીમાં આપણે વરસો ઉમેર્યા છે પરંતુ વરસોમાં જિંદગીનું સત્વ નથી ઊમેરી શકતા.

● ચંદ્ર, મંગળ સુધીની સફર કરી શકીએ છીએ. પણ આપણા અને પાડોશીના ઘર વચ્ચેની દિવાલ નથી ઓળંગી શકતા. બે દેશ વચ્ચેની સરહદ નથી મિટાવી શકતા.

● પૃથ્વીની બહારનાં રહસ્યોનો તાગ મેળવવા મથ્યા કરીએ છીએ પણ આપણી અંદરનાં રહસ્યો અંગે હજુ પણ ગોથાં જ ખાઇએ છીએ.

● મોટાં મોટાં કાર્યો કરી નાખ્યાંની બડાશ ખૂબ મારીએ છીએ પણ એમાંથી ઉપયોગી કાર્યો તો બહુ ઓછા હોય છે.

● વેક્યુમ ક્લિનરથી ઘરને બિલકુલ સાફસૂથરું રાખીએ છીએ, પણ આત્મા પર ચડી ગયેલા મેલના થર આપણને કયારેય દેખાતા નથી.

● અણુનું વિભાજન કરી એના ભુક્કા બોલાવી શક્યા છીએ, પણ ઇર્ષ્યા, રાગ, દ્વેષ, ક્રોધ વગેરે દુર્ગુણોની એક કાંકરી પણ ખેરવી શક્યા નથી.

● થોથામાં મોટાં લખીએ છીએ, પણ શીખવામાં પાછા પડતા જઇએ છીએ.

● યોજનાઓ ખૂબ જ બનાવી છીએ, પણ એ પૂરી કરવાની દરકાર ભાગ્યે જ કરીએ છીએ.

● અહીંતહીં ભાગંભાગી કરવામાં આખો દિવસ કાઢીએ છીએ, પણ થોડી વાર માટે નાનકડી લાઇનમાં ઊભા રહી શકતા.

● સંખ્યાબળ ખૂબ વધ્યું છે, પણ ગુણવત્તા ઘટી ગઇ છે.

● આવકનો ગ્રાફ ઊંચો ગયો છે, પણ નૈતિકતાનો ગ્રાફ નીચે ઊતર્યો છે.

● અનાજ ઢગલાબંધ છે પણ એ પચાવવાની શક્તિ સાવ ખાડે ગઇ છે.

● વાનગીઓ વિવિધ પ્રકારની ઉપલબ્ધ બની છે, પણ પોષણતત્ત્વોનું પ્રમાણ ખૂબ ઘટી ગયું છે.

● આપણા સૌ પાસે સ્થાવર અને જંગમ મિલકતો ઘણી વધી છે પણ ઉત્તમ ખજાનો કહી શકાય એવા સાચા મિત્રો ઘટ્યા છે.

● પ્રયત્નો ખૂબ જ કરીએ છીએ પણ પામીએ છીએ ખૂબ જ ઓછું.

● કોમ્પ્યુટરની મદદથી હજારો પાનાં એક દિવસમાં છાપી શકીએ છીએ. પણ સ્નેહીજનોને ખુશીના અને લાગમીના બે શબ્દો લખેલું પોસ્ટકાર્ડ કે અંતર્દેશીય પત્ર નથી લખી શકતા.

● આપણી શારીરિક ઊંચાઇ વધતી જાય છે પણ ચરિત્ર્ય ટૂંકું થતું જાય છે.

● આપણે વાતો તો વિશ્વશાંતિની કરીએ છીએ પણ ઘરના બે માણસ વચ્ચેના સંબંધોમાં ચંપાયેલી પલીતો ઠારી નથી શકતા.

● મશીનોએ આપણી ઘણી જફા ઘટાડી છે. તોપણ કંટાળો વધ્યો છે, મજા ઓછી આવે છે.

● દુનિયાની સફેલ ફક્ત પંદર દિવસમાં કરી લઇએ છીએ પણ એકેય સ્થળને મુક્ત મને માણી શકતા નથી.

● અત્યારે દરેક પ્રકારની દવા ઉપલબ્ધ છે : મૂડ લાવવા માટે, શાંત થવા માટે, ઊંઘી જવા માટે, અરે! મરી જવા માટે પણ! છતાં એવું કંઇક જીવનમાં બાકી રહી જાય છે જે દવાની ગોળીઓથી નથી મળતું અને એ ઊણપનો અહેસાસ આપણને વલોવ્યે જ રાખે છે.

● ટૂંકમાં, જિંદગીના શો-રૂમમાં બીજાને બતાવવા માટેનું આપણે બધું જ ગોઠવી શક્યા છીએ. પણ ગોડાઉનમાં બધું જ ખાલી થઇ ગયું છે!

આ વિરોધાભાસ જો ગળે ઊતરે તો ઉપર લખેલાં બધાં વાકયો, અરે! બધાં નહીં તો થોડાંક વાકયો પણ ઉલટાવીને જીવવાની કોશિશ કરીએ. જિંદગીમાં વરસો ઉમેરેલાં નહીં લાગે અને વરસોમાં ઉમેરાતી જિંદગીનો અનુભવ ચોક્કસ થશે

**(લેખકના પુસ્તક 'મનનો માળો'માંથી સાભાર)**